રમૂજી કાવ્ય સંગીતમાળા સિરીઝ ૬ ઠી

હતો કુંવારો આજ લગી હું, પરણવાનું દીલ થાતું,
પરણેલાને નજરે જોતાં, હૈડું તો, હરખાતું.
ઘર દુકાનો વેચી દૈને, રૂપીયા સો ભેગા કીધા,
લાડોજીને હોંસે મળવા, કન્જે કે થોડા લીધા.

(મુંબઈનો શેઠાણીમાળા.)

રમૂજી-સંગીતમાળા.

પ્રયોજક અને પ્રકાશક,

ગોર, અંબાલાલ છગનલાલ કહેરા
શીકા—(સ્ટેટ ઈડર) મહિકાંઠા.

[illegible] ખ્રિસ્તાબ્દ ૧૯[illegible]

કિંમત — { ગ્રાહકોને [illegible] ત્રણ આના
છૂટક નકલના ચાર આના

વસ્તુ સુચન.

આ રમૂજી સંગીતમાળાનાં ગાયનો ગાતા પહેલાં તમારા કંઠસુર અને તાલપર કાબુ મૂકી જો, તબલા સારંગી-ની આ ગાયનોમાં કશી જરૂર નથી. ઘણીવાર અને ઘણાં પુસ્તકોમાં હું બ્હેરો છું. તેમ છપાવ્યું છે. તોપણ આપને મારો પરિચય ન હોય તો ક્ષમા કરશો. આ ગાયનો સ્નેહ મંજરી; મુંબઈની શેઠાણી, મણીકાન્ત કાવ્યમાળા અને રા. રા. મણીશંકર દેવશંકર વ્યાસ (સાણંદ સ્કુલના ૧ લા એસિસ્ટંટ) કૃત સાહિત્યોમાંથી લેવામાં આવ્યાં છે. તો ત્હેના મૂળ લેખકોનો પણ આભાર માનું છું. આ બુકમાં રા. રા. ભાઇ મણીશંકર રચીત પ્રેમ પ્રેમ ને પ્રેમ વિગેરે અડધા ભાગનાં કાવ્યો ત્હેમની પાસેથી મેળવ્યાં છે તેઓ એક સાહિત્ય વિલાસી અને કાવ્યત્વશક્તિનું ઠીક ઠીક જ્ઞાન ધરાવે છે, જુના સાહિત્યના સોરઠાઓ વાંચવા કરતાં નવી ચમત્કૃતીનાં આવાં કાવ્યો, વાંચવાથી ગૃહશૃંગાર અને મગજશક્તિમાં ઔર વધારો થાય છે. એજ અરજ

ગણેશ ચતુર્થિ
વિક્રમાબ્દ ૧૯૭૮

આપનો
ગોર અંબાલાલ છગનલાલ બ્હેરા.
વડાગામ, (મહિકાંઠા)

ફેશનમાં ફસેલીના અંતરોદ્‌ગાર.

(અંગ્રેજી બારમાસી)

(ઝીણા ઝરમર વરસે મેહ ભીજે મારી ચૂંદલડી એ રાગ)

જાન્યુઆરીમાં જૉલી[1] ડીયર,[2] પિયર તજાવી લાવ્યા રે
હરનીશ મુજ સમીપે રહેતા, મ્હારા મનને ભાવ્યા;
સુણુહો સાહેલી.

ફેબ્રુઆરીમાં ફેરફાર હા! મુજ જીવનનો થાતો રે,
સુધારાના ગણી હીમાયતી, કરે સૌ અમારી વાતો:
સુણુહો સાહેલી.

મારચમાં હું માર્ચંજ[3] કરતી, પતિ સંગાથે રસ્તે રે,
સ્ટીકની[4] બીક વિસારી દેને, કરતી જોકીંગ[5] હસ્તે;
સુણુહો સાહેલી.

એપ્રીલમાં અંગ્રેજી શીખી, અનુભવી થઈ પૂરી રે;
હોટલ બોટલની થઇ ગ્રાહક, જુની રીતો ભુંગી;
સુણુહો સાહેલી.

---

૧ આનંદી ૨ ધણી ૩ કુચ ૪ સોટી ૫ મશ્કરી.

મેમાં મેં પોલકાં શિવડાવ્યાં, સાડી રેશમી લાવીરે,
છત્રી ચશ્મા સુઝ[1] વાંચથી,[2] વ્હાલાને મન ભાવી;
સુણહો સાહેલી. ૫

જુનમાં જુસમ[3] પતિને ગણતી, યાવનમદમાં ફાલીરે,
સુધરેલ પતિના સ્હેવાસે મેં, પિધી ફેશન પ્યાલી;
સુણહો સાહેલી ૬

જુલાઇમાં જુની ચીજો દઇ, ન્યુ ફરનીચર લાવ્યારે,
ફેશન વાળુ લોહકાષ્ટ લઈ, ધાતુપાત્ર તજાવ્યા;
સુણહો સાહેલી. ૭

આગસ્ટ માસે ઓરચેસ્ટાની[4] ટીકીટે નાટકમાં જાતાંરે,
યૌવન રસ રેલાવા ખાતર મદીરા[5] પીને પાતાં;
સુણહો સાહેલી. ૮

સપ્ટેમ્બરમાં સજ્જન ફેશન, બધે રહ્યા અંધાઈરે,
મોટરથી નંદન વન જાતાં, કરીને ખુબ સફાઇ;
સુણહો સાહેલી. ૯

અકટોમ્બરમાં ઓટલા ઉપર, લઇ બીલો સૌ આવ્યારે,
પોઝીશનની[6] મૂર્તિ રૂપમેં પ્રથમ સૌને અડાવ્યા;
સુણહો સાહેલી. ૧૦

૧ બુટ ૨ ઘડીયાળ ૩ માથામાં રહેતુ જીવડું જનાવર. ૪ નાટકના પહેલા ક્લાસની ટીકીટ ૫ દારૂ ૬ સ્વાભ.

નવેમ્બરમાં ન મળે નાણું, ડીયર[૧] ફીયરમાં પડીયારે,
ઘર જર ફર્નિચર અર્પી, મહાન શોકમાં પડીયા;
સુણુહો સાહેલી. ૧૧

ડીસેમ્બરમાં ડાહ્યાં થઈને, પડત ન પોઝીશનમાંરે,
ધર્મ કર્મ કીર્તિ ગુમાવી, બુરાઈ ઈમીટેશનમાં;
સુણુહો સાહેલી. ૧૨

* * * *

હાલતો ડીયર પધારે પિયરમાં, મીષ્ટર રહે છે મીલમાં
બી. એ. બન્યા બળહીણુ હિંદે રહે પડયા મહેફીલમાં
(સ્નેહ મંજરી)

—કુવારાનુ સ્વપ્નુ.—

(આંખ વિનાનું અંધારૂં રે—એ રાગ.)

બૈરી વિના ઘેર તાળુરે, સદાય મ્હારે બૈરી વિના ઘેર તાળુ;
એ તો કર્મ વિનાનું અંધારૂં રે. સદાય મારે. ૧

કોઇ કહે છે લાલ ને લીલું, કોઈ દેખે છે રંગ રંગીલું;
મારે મન સબ કાળુ કાળુ રે. સદાય મારે. ૨

૧ બીકપ નવુ ૨ નકલી ૩ સભા.

વહેલો ઉઠું છું જ્યારે, દળવું પડે છે ત્યારે;
મારે હાથે વાસીદું વાળું વાળું રે; સહાય મારે. ૩
વાસણ માંજુ છું હાથે, પાણી લાવું છું માથે;
કપડાં ધોવાને કુવાનું થાળુ થાળુ રે. સહાય મારે. ૪
એવાં દુઃખ કેને કહીએ, લોકમાં વાંઢા કહેવાઈયે;
એ તો જીવતર થયું છે ભાઈ ખારૂં રે. સહાય મારે. ૫
રાતુ લુગડું ન ભાળું, કેને જોઈ મન વાળું;
ત્યાં તો કર્મ વિનાનું અંધારૂં રે. સહાય મારે. ૬
કપડાં ધોઈને હું તો, જઈને કુવાપર સુતો;
ત્યાં એક સ્વપ્ન વિચિત્ર ભાળું ભાળું રે. સહાય મારે. ૭
પાંચ દસ નાતિલા આવ્યા, પરણાવા બૈરી લાવ્યા;
મારૂ ભાગ્ય ભાળુ ઉજમાળું ઉજમાળું રે સહાય મારે. ૮
નાતિલા કહે છે મને, આ બૈરી શોભે છે ત્હને;
ત્યાં તો ખુશી થઈ નિહાળું નિહાળું રે. સહાય મારે. ૯
ત્યાંને ત્યાં રૂપીયા દીધા, ખુશી થઈ નાતિલે લીધા;
હવે તો લગ્ન તણી વાત ધારૂં ધારૂ રે. સહાય મારે. ૧૦
અંતર મનસુબો કીધો, પરણવા લ્હાવ લીધો;
મને તો દુઃખનું મોં લાગ્યું કાળુ કાળુ રે, સહાય મારે. ૧૧
બાળક બે ચાર ચાશે, બાપા કહી બેસે પાસે;
એવા રંગ તરંગ મનમાં ધારૂં રે. સહાય મારે. ૧૨

લાયક આ જોડું મળીયું, હવે મારૂ ભાગ્ય ફળીયું;
સ્વપ્નામાં ચિત્ર વિચિત્ર ભાળુ ભાળુ રે. સહાય મારે. ૧૩

લગન લીધું છે જ્યારે, સોનાનો સુરજ મ્હારે;
હવે ઘોડાને એડી મારૂ મારૂ રે. સહાય મારે. ૧૪

ગોથું આવ્યું છે ભારી, ઉંઘ ઉડી ગઇ મ્હારી;
પડયો કુવામાં દેખું થાળુ થાળુ રે. સહાય મારે. ૧૫

પાંચ શેર પાણી પીધું જ્યાં, નાતિલા દેખું કયાંથી ત્યાં;
બૈરીને તો કયાંથી જ ભાળું ભાળું રે. સહાય મારે. ૧૬

જળમય કુવોજ દેખું ઉપર આકાશ પેખું;
ત્યાં તો દુઃખનું વાદળ કાળું કાળું રે. સહાય મારે. ૧૭

હરિનું સ્મરણ સાચું, માયાનું બંધન કાચું;
હવે સ્વપ્નના સંભ્રમ ટાળું ટાળું રે. સહાય મારે. ૧૮

☛ સ્વપ્નાવસ્થામાં શું બન્યું, અફસોસ ? એ પછી મેં બીજું સંગીત શરૂ કર્યું.

પરણેલાનો પસ્તાવો.

(ગેર ગયાંને વેર ગયાં એ રાગ.)

દોહા:—

હતો કુંવારો આજ લગી હું પરણ્યાનુ દીલ થાતુ તુ;
પરણેલાને નજરે જોતાં હૈડુ તો હરખાતુ તું. ૧

ઘર દુકાનો વેચી દઇને રૂપિયા સો ભેળા કીધા;
લાડીજીને હોંસે મળવા થોડા કૈ કરજે લીધા ૨
બેરી પરણ્યા શુભ લગનથી કોડ કર્યા સરવે પૂરા;
સુખ સઘળું હોળીમાં હોમ્યું ઇજ્જતના કીધા ચૂરા. ૩
પરથમ આણે શાણી રાણી લાજ મહો લચકાતાંતાં
સાથે ફરવાનું હું કહેતો તો લાજ મહીં અચકાતાંતાં. ૪
વચનો વદતાં ધીરે ધીરે બોલી લાગે બહુ સારી;
મેં જાણ્યું જે કામ થયું છે, સદ્ગુણી પરણ્યો નારી. ૫
પછી પધાર્યા ત્રીજે આણે પ્લોટ સહુ બદલાયો છે;
બકરી જેને હુ ગણુતો તો, વાઘ થઇને આવ્યાં છે. ૬
બે ત્રણ દીવસ થયા એટલે, મકાનમાં ખામી કાઢી;
આ ગરમાં હું નહી રહેવાની કહીને રીસાયાં લાડી. ૭
હુકમને મેં માનજ આપ્યું, ઘર બીજું ભાડે લીધું;
દાગીના માટે વહાલીને આમંત્રણ બીજું દીધું. ૮
બોલ સાંભળતાં હું ગભરાયો, તો પણ હીંમત મેં રાખી;
શું શું જોઇયે શાણી શ્યામા મુખેથી દોને ભાખી. ૯
ઝાંઝર જોડી મ્હારે જોઇયે, એરીંગની જોડી લાવો;
રોલ ગોલ્ડનુ લોકેટ લઇને વ્હાલાજી વહેલા આવો. ૧૦
જોડી લાવજો બંગડીયોની સાચા મોતીની સ્વામી;
સાડી કસબી લાવો જેવી પહેરે છે મારી મામી. ૧૧

તુર્ત તડાકો મેતો કીધો, પાઈ નથી પાસે મ્હારી;
સઘળું વેચીદેવું કીધું, ત્યારે પરણ્યો છું નારી. ૧૨
સુણતાં વ્હાલી વીલાં પડીયાં, તર્ત તાડુકો કીધો;
પરણી તમને તેમાં શું કાંઈ મ્હોટો મેં ગુન્હો કીધો.૧૩
મેં માગ્યુ તે મારે જોઈયે તેમાં કાંઇયે નહી ચાલે,
થઇ ભીખાર. કેરી નારી તે તો આ હૈડે સાલે; ૧૪
ઘાટી વિણ ઘડીયે નહી ચાલે મનમાં લેજો વિચારી,
રસોઇ રાંધી હું ખવડાવું તે માટે સમજો સારી ૧૫
દુનિયા આખી સુધરી હોયે આપ રહ્યા હમ્મગ જેવા.
હાળ થઇ માટે સીધાવો આદુને મરચાં લેવા; ૧૬
ઘાટી માફક ગણવા લાગી ઓર્ડરથી અકળાવે છે.
નવા નવા બુટ્ટા ઉઠાવી આંતરડી કકળાવે છે ૧૭
તુર્ત રોકડો જવાબ દે છે કદી જરા હું ગુસ્સે થાઉં;
વેરીસોરી ઓ માય હસ્બેંડ આઇ એમ ગોઇંગ પિયર જાઉં
ગયો જમાનો જુનો ચાલી ફેંશનમાં વ્હાલા મહાલો
દાગીનો જુનો વેચીદઇ નાટક જોવાને ચાલો; ૧૯
ટેલીફોનથી ટીકીટ કરાવો ફર્સ્ટકલાસ રિઝવટ વ્હાલા;
અપટુડેટ બનીને ચાલો વિચાર શા કરવા ઠાલા ૨૦
એ પરણેલાનો પસ્તાવો સાંભળજો નરને નારી
ધન્ય ધન્ય જે પામ્યો છે નારી સદ્‌ગુણ સંપન્ન અને સારી ૨૧
(મુબઇની શેઠાણીમાંથી)

સુધરેલાના સંતાપ.

(રાગ—ગઝલ.)

સુણો સાથી સુધારાના, અરે સૌ આંહી આવોને;
તમારાં ભાષણો ભૂલ્યો, હવે રસ્તો બતાવોને; —સુણો ૧
તમારા રાહ પર ચાલી, સુધારો ઘર વિષે ઘાલી;
પિધી મેં ઝેરની પ્યાલી, તમે તેથી બચાવોને. —સુણો ૨
પ્રિયાને પોલકાં લાવી, નવીન પોશાક પહેરાવી;
અરાબી ઘર વિષે આવી, હવે તેને હઠાવોને. —સુણો ૩
પ્રિયા ઘર કાજને છોડી, ચઢાવી બૂટની જોડી;
હવા ખાવા જતી દોડી, કહે "નોકર વસાદોને." —સુણો ૪
નથી હું કોઇ ભઠીયારી, નથી કંઇ કામ કરનારી;
હવે હકદાર હું નારી, નિયમસરનું બજાવોને. —સુણો ૫
સુધારો આપણે માથે, નહી ખાવા કરૂ હાથે;
પિયુજી રાંધવા માટે, રસોયો એક લાવોને. —સુણો ૬
સુશોભીત ડ્રેસ લાવોને, સરસ ચશ્મા અપાવોને;
હુકમ મારો બજાવોને, મડમ મુજને બનાવોને. —સુણો ૭
જવું ફરવા પગે ચાલી, સુધારાની નહી વ્હાલી;
તમોએ આપદા ટાળી, સરસ સાઇકલ અપાવોને,—સુણો ૮
બનું હું રાયની રાણી, જવું નાટક વિષે બની;
ટીકીટ લાવો તમાસાની, સુધારાને વધાવોને. —સુણો ૯

ઘણું છે કામ તમ માથે, તમે નહિ આવશો સાથે;
ફુલાજી ફ્રેન્ડને માટે, બીજી ટીકીટ અપાવોને.—સુણો ૧૦
અદેખા શું બનો એમાં, ફુલાજી સાથ છે તેમાં;
સુધારો છે રહ્યો જેમાં જરા વિશ્વાસ લાવોને.—સુણો ૧૧
સુધારાના થયા સાથી પછી ખટપટ કરો આશી;
કરે અજ્ઞાનીઓ હાંસી કુધારાને હરાવોને. —સુણો ૧૨
સુધારો આ વતુઓ સારો તમોને જે અતિ પ્યારો;
હવે લાગે મને ખારો ભલે ભપકો બતાવોને.—સુણો ૧૩
ખરચ પોસાય કેમ આવું, મુસારો સાઠનો લાવું,
પ્રિયાને કેમ સમજાવું. જરા યુક્તિ જણાવોને. —સુણો ૧૪
રસોયો ક્યાં થકી રાખું, હૃદયનુ દુઃખ ક્યાં દાખું;
નિસાસા હાય હું નાખું, દયા દીલમાં ધરાવોને.—સુણો ૧૫
શોખીન થઇ છે નારી, જરાએ લાજ ના ધારી,
પતિ તો શાક તરકારી પતિ વૃતતો પળાવોને.—સુણો ૧૬
લજાવ્યા તાતને કેંયે, બનાવ્યા ભ્રાતને કેંયે;
ડુબાવ્યુ કૂળ હા કેંયે, ભલે મનને મનાવોને.—સુણો ૧૭
સુધારોએ ત્હમારોતો, ભલે તમને મુબારકહો,
અરે પસ્તાઉ હું પૂરો, પ્રભુએથી બચાવોને. —સુણો ૧૮
સુણી શંકર કહે શાણા; ભવાડા આ સુધારાના;
સુણો ના કો થશો પ્યારા, અરે તનમાં ઠસાવોને—સુણો ૧૯
(મણીકાન્ત કાવ્ય માળામાંથી)

સુધરેલી સુંદરી.

(રાગ નાટકનો)

છાને કહે તું છટકેલી પીટયા, મને છાને કહે છટકેલી;
હું તો ફેશનમાં ઘેલી બનેલી,
પીકયા મને છાને કહે છટકેલી ૧

ફ્રીયર તજીને ડીયરની સાથે, ગાર્ડનમાં જાઉ હું વહેલી;
પોલ્સનની ટી, અને હિલ્હીનાં બિસકુટ;
તાજાં-તાજાં ખાઉં હું પહેલી-પીટયા— ૨

સાટીનની સાડીયો. કસબી ભરેલી કોર;
સ્વપ્ને ન કોઇયે દીઠેલી.
પોલકાં ને ચોળીયોનો, પાર નથી મારે;
ફ્રેન્ડોએ પ્રેઝંટ કીધેલી —પીટયા ૩

નવસેરા હાર, સાચા મોતીના સુંદર;
બંગડીયો માણેકે મઢેલી.
બેસી મોટરમાં જાઉ હું ચોપાટી,
વિદ્યા હું પાકી ભણેલી-પીટયા— ૪

(મુંબઇની શેઠાણીમાંથી.)

નાવિકને વિનંતી

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ.)

બાપૂ વિરા નાવિક શું સુતો હજી;
ભોર થયો પણ કાં ના જાગ્રત થાજો;
ઉઠને મ્હારા રંકપરે આણી દયા,
કર ત્હારી એ નાવલડી તૈયાર જો;
જાવૂ છે ઓળંગી દરિયો માહરે —બાપૂ—૧

સિત્ સિત્ નાવિકરે નાવિક ક્યાં સાંભળે,
રે! રે! ઉઠ, ઉઠ, શું સુતો છે આજજો;
કર્મે મ્હારે ઊંઘ ઘણી શું આવતી,
આવ્યો દોડી પણના સરતું કાજજો —બાપૂ—૨

ફરી ફરી થાક્યો જોયા જૂઠા ખેલ મેં,
વળી માણ્યો છે નવલી નારી સંગજો;
ઘણાં ઘણાં કૂ કર્મ કીધાં છે બાપલા,
ગણુતા ક્યાં અત્યારે આવે પારજો. —બાપૂ—૩

આથી મૂજ દીલને કઇ આવી યાદ છે,
નાઠો તેથી છોડી સઘળાં કાજજો;
જાવુ છે. સામે તીર મારે વેગથી,
કર વિરા તું નાવિક મ્હારૂં કામજો. —બાપૂ—૪

ઉતાવળો દોડયો હું સાથ ન કોઇ છે,
ઉલટું ખોયુ ગાંઠ તણું મેં ગર્થજો;
નહિતો આપત સઘળું મારા વિરલા,
ખાલી હાથ રહયો તેથી લાચારજો, —બાપૂ—૫

શું, શું, કહી સમજાવું તારા દીલને,
ફરી ફરી ના લાવીશ આવું કામજો;
ઉઠરે બાપૂ, બ્હીક ઘણેરી દીલમાં,
રખે જવાનુ પાછું મ્હારે થાયજો. —બાપૂ—૬

રે ' રે ' આવ્યો, પણ ના લીધું કાંઇ મેં,
ખાલી હાથે કરતો ત્હારી આશજો;
જાણી ત્હારો દાસ છું પાર ઉતારજો,
દોસ્ત થજે મુજ દિલ તણા આરામજો —બાપૂ—૭

ગુરૂ કોણ ?

(ગજલ.)

સદા ઉપદેશ આપીને, તજાવે મોહ દુનિયાનો;
બધા સંશય નીવારીને, ભજાવે જે પ્રભુ પ્યારો; ૧
તિમીર સહુ દીલનુ ટાળી, ઉગાડે ભાણુ અંતરમાં;
અજંપા જાપ શિખાવી, રટણ કરવા કહે મનમાં; ૨

પછી આ જગ્તને માયા, તણી ભસ્મો બતાવીને;
કરાવે લેપ તે યોગી, બનાવે પ્રેમ આણીને; ૩

બહિર દ્રષ્ટિ મુકાવીને, સમેટી આત્મમાં આણે;
અઠગ દ્રષ્ટિ થતાં ધ્યાની, થવા સંબોધતો ટાણે; ૪

દશમ દ્વારે ચઢાવીને, બતાવે તેજ વ્યાપકનું;
સમાધીથી થવાદે સ્થિર, તે ગુરૂ ખરો જાણ તું, ૫

શિરે કર ધારીને બોલે, અરે બચ્ચા! તેં શું જોયું?
અમારા સંગમાં લાગી, કહે તેં કેટલું ખોયું? ૬

હવે જા પુત્ર દારાને, હરખથી ભેટ ઓ બેટા;
મૂકેલા વૈભવો ભોગવ, રહી કુમાર્ગથી છેટા; ૭

સૂણી એ મર્મના શબ્દો, અચાનક જાગ્રતિ થાતાં;
પડી ચર્ણે ગુરૂ કેરા, (સેવક) નિગાળે અશ્રૂઓતાતાં; ૮

વદે મુખે ખરા દીલે, ગુરૂ જય આપનો થાઓ;
ધા સિંધુ બતાવીને, હવે કો આપ રખડાવો; ૯

નથી ખોયું જગતનું કંઇ, બધુ પાસે અમારી છે;
લીધું ના કંઇ દીધું ના કંઇ, મને મારૂં સમપુર્ણ છે.૧૦

ત્રિયાને પુત્ર કોનાં છે, બધી એ જૂઠી માયા છે;
ફના આ જગ્ત આખું છે, ફના આખિર કાયા છે; ૧૧

ગુરૂ હું છું શિશુ હું છું, પ્રભુ હું છું જગત હું છું;
અહીં હું છું તહીં હું છું, જળસ્થળે હુંજ વ્યાપક છું;૧૨

અમર હું છું અચળ હું છું, ગુરૂ મારા ખરૂ કહું છું;
હવે કાં મર્મથી મારો, કહાં જઉ છું કહાં રહુ છું ૧૩
બનાવી એમ ઉન્મત્તને, પીલાવે પ્રેમની પ્યાલી;
ગુરૂ એને ખરો જાણો, બીજાએ નામના ખાલી; ૧૪

—વિદેશી ફેશનમાં તણાતા મિત્રને—

—મારા હૈયા કેરા હાર (એ રાગ)

જોતા જોતા ફેશન મોહ તો, હિંદુ જાતમાં રે;
ઊંચી નાતમાં રે. જોતા જોતા-૧
વિદેશીઓની રીત સજીને, વ્હાલી સ્વદેશ રીત તજીને;
નિજ પ્રિયા સહ ચાલે ઇશ્કી વાટમાંરે. જોતા જોતા-૨
ચશ્મા સ્ટીકને લેઇ સંગાથે, હેટ ધરીને ચાલે માથે;
માત પિતાની સેવા કરતા લાતમારે. જોતા જોતા-૩
વિશ્કીના ઇશ્કી થઇ મ્હાલે, ચીરૂટ વિના ઘડીયે નહિ ચાલે;
સાયકલ મોટરમાં ફરતા ભલીભાતમાંરે. જોતા જોતા-૪
લેમોનેડ સરાબને સોડા, ધર્મ કર્મ પર મારે જોડા;
નીજ માતાને વચાવી લેતા લાતમાંરે. જોતા જોતા-૫
નીજ સ્ત્રિ સમીપે કાંઇ ના ચાલે, પોઝીશનની બ્હારમાં માલે;
પ્રિયા તણી સેવામાં ખરચે જાતનેરે. જોતા જોતા-૬
દૂધ સાકર મલાઇ તજીને, અભક્ષા ભક્ષ કરે સજીને,
વહી અનિતિમાં ગણે ગુમાની જાતમાંરે. જોતા જોતા-૭
(સ્નેહ મંજરી

—પ્યારિ મ્હારી સનમ મધુરી—

(વસંત તિલકા.)

પ્યારિ મારી સનમ્ મધુરી, કે જે કયાં તું છુપાઇ;
વિર્હે તારા ટળવળી મરૂં, અંતરે હું મુઝાઇ;
દીલે ચોટી રસિક પ્રતિમા, કોતરાઈ અને એ;
ધ્યાને ધારૂં હરસને, કંઇક રાજી કરે છે; ૧

× × × ×

ન્હોયે મારા વ્યથિત, ચિતની ખામીને કારણેથી;
ધ્યાને આવી સરી જતી, અહા' ચિત્તડું એથી;
અહા' વ્હાલી પુનર મધુર, મુખનું હર્ષ આપી;
જો જે નિત્ય મુજ હ્રદયને, કષ્ટની વાડ કાપી; ૨

× × × ×

નાના ત્હારૂં સ્મરણ કરતાં મુખ આ બંધ થાતું;
આંખે ત્હારી છબી નીરખતાં પ્રેમ વારિ છવાતું;
આંખે દીસે કમ કમી છુટે, ઉછળે ઉર મ્હારૂં;
પ્રેમે પ્યારી રટણ કરતો, જીભથી મંત્ર ત્હારૂં; ૩

× × × ×

ન્હોયે તું શું દૂર દૂર ખસે, કયાં છુપાતી રસિલી;
હું દુઃખીનું હ્રદય પરખી, શું હશે સ્નેહ ભીની;
ત્હારા વિના નહી અવર કંઇ, આશ દીલે ધરાતી;
હા' હા' પ્રેમી સનમ્ રસીલી. છે' છબી કોતરાઇ; ૪

એક જંજાળી જીવડાનિ તૃષ્ણાનું પ્રાબલ્ય

ગુરૂરાજ મારા ઘડપણમાં ગોવિંદ ગુણ ગાશું,
હમણાં નથી નવરાશું—ટેક-રાગ
મોટો છોકરો વિલાયત ગયો છે,ન્હાનો છોકરો જુગારી થયો છે;
એવો ઘમરોળ મચી રહ્યો છે— ગુરૂરાજ મારા. ૧
સાઠ લાખની પુંજીમાં શું કરીએ, સાઠ અબજ જ્યારે ઘેર ભરીએ;
ત્યારે કાંઈક શાંતિ મનમાં ધરીએ— ગુરૂરાજ મારા. ૨
યુરોપ આફ્રીકા સુધી વિચરશું, આસ્ટેલીયાનું સોનું સંઘરશું,
અમેરીકાની લક્ષ્મી લાવી ભર ભરશું—ગુરૂરાજ મારા, ૩
હજી થાગું હજાર મીલવાળા, હજુ બાંધવા છે બારસો માળા;
તેમાં કયાંથી ફેરવીએ માળા— ગુરૂરાજ મારા. ૪
નાત જાતના સુધાંરા કરવા છે; હજી કઇકનાં ભુડાં કરવાં છે;
પછી કોની અમારે પરવા છે— ગુરૂરાજ મારા. ૫
થઇ સાઠ વરસની ઉમર અમારી. તે શું આંખે ચઢી છે, ત્હમારી
હજી પરણવી છે નવી નારી— ગુરૂરાજ મારા. ૬
નાત જાતના કરશું સુધારા, હજુ થાશું અબજ મનવાળા;
પછી સુખે ફેરવશું માળા— ગુરૂરાજ મારા. ૭
કરજોડી કવિજન કહે છે, જે જન તૃષ્ણા નદી તરે છે;
તે મોક્ષપૂરીને વરે છે— ગુરૂરાજ મારા. ૮

કહે મન મગ્ન છે શાથી ?

ગઝલ

યુવાની અંગમાં ધારી, રમાડી રંગીલી નારી
ગળે ફાંસી અરે ' ઘાલી, કહે મન મગ્ન છે શાથી ? ૧
તીજોરી તર નિહાળીને, ઉડાવી સ્નેહ આણીને
ન આવે સંગ ચાલીને, કેહે મગ્ન છે શાથી ? ૨
ઘણા મીત્રો કુટુમ્બિમાં બન્યો ડહ્યો તું અંતરમાં;
છતાં છે છેક વનચરમાં: કહે મન મગ્ન છે શાથી ? ૩
વગીચા, વાડીઓ, જોઇ, ખરેખર શુદ્ધિ તેં ખોઇ;
નથી એ કામનુ કાંઇ, કહે મગ્ન છે શાથી ? ૪
તમાસા ખેલ તેં જોયા, મની કલદાર તેં ખોયા;
હવે ત્હારે શું જોયે છે, કહે મન મગ્ન છે શાથી ? ૫
હુજારો હુન્નરો કીધા, વળી ઇલ્કાબ તેં લીધા;
રડયા આખર થઇ સીધા, કહે મન મગ્ન છે શાથી ? ૬
કરી ભક્તિ નથી કાંઇ, રહે ઇલ્કાબતો આંહી;
સમજ કીરતારને આથી. હવે મન મગ્ન છે શાથી ? ૭

શેઠજીની કરૂણાજનક કથની.

રાગ-ગઝલ.

સુધારાની મજા ન્યારો, જમાનો જાય છે ચાલી;
જુઓને આ દશા યારો, અમારી આમ બાબત છે. ૧
જુઓ મુંબઇ તણી નારી, બતાવે ડોળ તે ભારી;
ફરે થઇ રાયની રાણી અમારી આમ બાબત છે, ૨
દયાળુ મા અને બાપે લગન તો માહરાં કીધાં;
હિસાબો તેહ ના આપું અમારી આમ બાબત છે. ૩
હતી અમ દેશની અંદર, મહારી પ્રેમદા પ્યારી;
અમે એને પાસ બોલાવી, અમારી આમ બાબત છે: ૪
કરે કોઈ જાતનો ઓર્ડર, નથી તે ધ્યાનમાં લેતી;
ફરે તે થઇને મદમાતી, અમારી આમ બાબત છે; ૫
બધાં એ ઘર તણાં કામો, અમો અમ હસ્તથી કરતા;
દુઃખી છે જીંદગી મ્હારી, અમારી આમ બાબત છે; ૬
ભરૂ મમ હસ્તથી પાણી, પછીથી ઉઠતી રાણી;
ચલાવે હુકમો શાણી, અમારી આમ બાબત છે: ૭
કરી દાતણ પછી ઘરમાં, પદમણી પાટલે બેસે;
પછીથી ચાહ તે માગે, અમારી આમ બાબત છે; ૮

ઘરે વાસણ બધાં માંજુ, વળી હાથે રસોઇ રાંધુ;
કરે ભોજન પછી વ્હાલી, અમારી આમ બાબત છે; ૯
કરી પત્નિ તણી સેવા, દસે તો નોકરી જાવું;
પુરા પરતંત્ર ત્યાં થાવું, અમારી આમ બાબત છે; ૧૦
બધા આ કષ્ટને લીધે, દુઃખી આ જીંદગી થાતી;
ભલે મરવું અરે એથી, અમારી આમ બાબત છે; ૧૧
મજાહ મુંબઇ તણી જોતાં, મૂરખ ફેશન મહી ફસતા;
પછી પસ્તાઇ અને રડતા, અમારી આમ બાબત છે; ૧૨
પગાર પચીસતો આવે, ત્રિયા પાંત્રીસ ખરચાવે;
દયા દીલમાં નહી લાવે, અમારી આમ બાબત છે; ૧૩
બતાવે દમ ઘણો નારી બતાવે હુકમો ભારી;
ફરે નીત બાગમાં પ્યારી, અમારી આમ બાબત છે.૧૪
ઘરેણાં નવનવાં માગે, વખત પર હાડકાં ભાગે;
કહે શું કામ પરણ્યાતા, અમારી આમ બાબત છે. ૧૫
દરદ નીત્યે નવું થાયે, રહું હું ઘેર જ્યાં સુધી;
કરે છણકા ખરા ખોટા, અમારી આમ બાબત છે. ૧૬
પથારીમાં પડી રહેતી, મીઠાઇ મોજથી ખાતી;
દુઃખી મમ જીંદગી થાતી, અમારી આમ બાબત છે. ૧૭
ભરૂ નીત્ય બીલ વૈદ્યોનાં, છતાં સાજી નથી થાતી;
ચલાવે ઢોંગ મદમાતી, અમારી આમ બાબત છે. ૧૮

ખરીદી હાથથી કરતી, લખાવી નામ પર મારા;
કહો બીલ કયાં થકી ભરવું, અમારી આમ બાબત છે.૧૯

મંગાવે અવનવી ચીજો, અમારે લાવવી કયાંથી;
નથી પેદાશ કંઈ થાતી, અમારી આમ બાબત છે. ૨૦

પધારી પ્રેમથી કરવી, પ્રિયાને હાજરી ભરવી;
નથી નવરાશ પણ પળની, અમારી આમ બાબત છે.૨૧

ગુમાવી દેશની મુડી, અહીં પરદેશમાં આવ્યા;
છતાં ખુશ ના થઈ નારી, અમારી આમ બાબત છે.૨૨

હતી અમ દેશની અંદર, બધાં એ કામ ત્યાં કરતી.
નથી અહીં કોઈથી ડરતી, અમારી આમ બાબત છે.૨૩

વખત વિચારીને રંડા, કરે દર્શનનું બ્હાનું;
સીધાવે યારના ઘરમાં, અમારી આમ બાબત છે. ૨૪

યારોથી તે લઇ નાણાં, લૂટાવે માલ યૌવનનો,
ભરે પાછાં ઘરે પગલાં, અમારી આમ બાબત છે. ૨૫

હમેશાં આટલી મોડી, કહે તું કયાંથી આવે છે;
ગયા છે બાર જો વાગી, અમારી આમ બાબત છે. ૨૬

થયાં દર્શન બહુ મોડાં, ભર્યોતાં કુલ હીંડોળે;
થાતીતી મેહની ઝાંખી, અમારી આમ બાબત છે. ૨૭

સખી એક મંદીરે આવી, મુને ગઇ સંગળો બોલાવી.
તજો કચકચ તમે ખાલી અમારી આમ બાબત છે. ૨૮
મટી જંગલી બનો શહેરી મવાલી કયાં સુધી રહેશો;
પથારીકેમ નથી કીધી, અમારી આમ બાબત છે. ૨૯
સુવાં જઇ લોંચ શેઠાણી, જણાવી રીસ ઉપરથી;
પતિને રોકૃમાં હાળી. અમારી આમ બાબત છે. ૩૦

(મુંબઈની શેઠાણી)

શેઠાણીની કથની.

(ગઝલ.)

મને મુરખો મળ્યો સ્વામી, પછી છે સુખમાં ખામી;
અરે હું આપતિ પામી, કહુ શું આપદા બ્હેની. ૧
કરે નહિ ચાકરી ધંધો, મુરખ થઇને ફરે અંધો;
કરે છે અવનવા ફંદો, કહુ શું આપદા બ્હેની. ૨
પુરૂષો અન્ય ત્યાં રમતા, અરે મુજસ્વમિ આથડતા;
બળે છે ચિત્તમાં ભડકા, કહુ શું આપદા બ્હેની. ૩
કમાવા રીત ના જાણે, કહી મુજ વાત નામાને;
ફરતુ નામ પરે પાણી, કહુ શું આપદા બ્હેની ૪

પિતાના દામ સૌ ખાધા, કમાવા પર લીધી બાધા;
કરજનાં હા ! કીધાં કાધાં, કહું શું આપદા બ્હેની. ૫

ગુમાવી ગાંઠની કીંમત, ઉડાડી બાપની દોલત;
મળે ના અન્ન કે ઉદક, કહું શું આપદા બ્હેની. ૬

નથી હા ? ધ્યાન ઘરબારે નથી કોઇ ચિંતા વ્યવહારે.
ભટકતો ભૂત એ બ્હારે, કહું શું આપદા બ્હેની. ૭

અન્ન ઉધાર એ લાવે, લેવા સૌ દામ તો આવે;
નહી દે દામ તે વારે, કહું શુ આપદા બ્હેની. ૮

કરી તકરાર વદે ભુંડું, પળે પળ વારમાં કુડું;
જુવે ના આંખથી રૂડું, કહું શું આપદા બ્હેની. ૯

અરે અંતર પીડા રહેતું ઉધારે કો' નથી દેતું;
આવે જામીન સૌ લેતું, કહું શું આપદા બ્હેની. ૧૦

કપડાં સ્વચ્છ ન રાખે, આનંદે ડંફાસ તો ભાખે;
ખાવું ફરવું એટલું દાખે, કહું શું આપદા બ્હેની. ૧૧

રૂપાળી આબરૂ દેખી, અરે અક્કલહીણો પેખી;
દુઃખે હું તન રહી શેકી, કહું શું આપદા બ્હેની. ૧૨

સજ્જન તહેવારના ટાણે, જમી આનંદ સૌ માણે;
સુખે એકાદશી જાણે, કહું શું આપદા બ્હેની. ૧૩

સ્નેહીઓ શોધતા આવે, પતિને તે નહીં ભાવે;
દીવસ દુઃખમાંહી વીલાપે, કહું શું આપદા બ્હેની. ૧૪

આવેલાં જાણી સંતાયે, ખવાડું અન્ન હું ક્યાંથી;
અરે ભટકે અહીં તહીંથી, કહું શું આપદા બ્હેની. ૧૫

પિતુ માતા ચહે મળવા, તો સ્વામિ લાગે બડબડવાં;
લાગે હા હીત વચન કડવાં, કહું શું આપદા બ્હેની. ૧૬

અરેરે ભાવ ના પૂછે, કહે ના સુખ–દુઃખ શું છે ?
થતો વચનો સુણી ગુસ્સે, કહું શું આપદા બ્હેની. ૧૭

નહીં ખાવું નહી ન્હાવું, નકામા રાગથી ગાવું;
મફતનું હોટલે ખાવું, કહું શું આપદા બ્હેની. ૧૮

પિયરનાં લુગડાં લાવું, કદી જમવા સજી જાઉં;
તરત મેંણા અરે ખાઉં, કહું શું આપદા બ્હેની. ૧૯

બન્યાં મુબઇનાં શેઠાણી, વદે નિષ્ઠુર એ વાણી;
કહું ક્યાં માહરી કહાણી, કહું શું આપદા બ્હેની. ૨૦

રહી છું નિતિમાં રહીને, ખવાડું દુઃખ હું સહીને;
કરૂં પુરૂં હું મન દઇને, કહું શું આપદા બ્હેની. ૨૧

ગુજારી જીંદગી મારી, બળાપો હું કરૂં ભારી;
દીયો કાંઈ દાદ નરનારી, કહું શું આપદા બ્હેની. ૨૨

ચિંતા તણા તાપે અરે, યૌવન અરે ડુબાય છે;
હાય પતિ પુરૂષાર્થ વિણ મમ હૃદય આ ચિરાય છે.
(સ્નેહ મંજરી)

અમારૂં દીલ દાઝે છે.

દીઠી શાણી સતી નારી, પતિ સેવા મહીં મશગુલ;
પરંતુ જોઇને વિઘ્નો, અમારૂં દીલ દાઝે છે. ૧
કુજોડાની ક્રિયા દીઠી, સ્ત્રીઓની વેદના જાણી;
અહો એ બાળ લગ્નોથી, અમારૂં દીલ દાઝે છે. ૨
અવિદ્યા વ્હેમનાં જાળાં, વળી ભક્તિ તણા ઢોંગો;
અને વ્યભિચાર વૃત્તિથી, અમારૂં દીલ દાઝે છે. ૩
ઘણા ઘરમાં થતા કજીયા, સ્વસૂર પક્ષો બને શૂરાં;
વધુ ચાકર સમી પેખી, અમારૂં દીલ દાઝે છે. ૪
અતિ ઉત્તમ ગુરૂ મંત્રો, સ્વરૂપ જુદે સ્થપાયા છે;
દશા આવી કીધી જોઇ, અમારૂં દીલ દાઝે છે. ૫
ભૂદેવો પણ મચ્યા રહે છે, અરે'રે ભીખ પર રાચી;
નથી કો બોધ દેનારૂ, અમારૂં દીલ દાઝે છે. ૬
પ્રભુ આ હિંદની સ્થિતિ, તને શું એ મજા દેતી !!
નથી તું પણ જરા જોતો, અમારૂં દીલ દાઝે છે. ૭

દુનિયામાં શુ વધ્યું ?

(અનુક્રમ સવૈયા.)

આજકાલ આ ચાલુ જમાને, વધ્યુ અહા ફેશનનુ માન:
રોગ વધ્યાને ડૉકટર વધીયા, વધ્યાં અહા સોપારી પાન:
મીજલસ ડેન્સ અને ક્રિકેટ, વધ્યુ અહા મદીરાનુ પાન;
સ્ટીક અને અંબ્રેલા વધીયાં, અભક્ષા-ભક્ષ તણુ વધ્યુ ખાન ૧

× × × ×

ન્યુસપેપર આર્ટીકલ વધીયાં, વધી હોટલો અપરંપાર:
શુઝ વોચને હેટ વધી છે. વધી બોટલો ઘરખો ઝાર;
વધી ચહા ચીમની ને ચશ્મા, વધી સાયકલ મોટર કાર:
વધ્યાં વાળ કેરા સીન તેલો, મફલર કોલર વધ્યા અપાર. ૨

× × × ×

વધ્યુ સોડા લેમનનુ પીણું, વધી ઈર્ષા નિંદા ભલીભાત:
વધ્યાં અહા ! કોફીને બીસ્કીટ વધી દલાલો કેરી જાત;
વધ્યા વકીલ બેરીસ્ટર આજે, અને સોલીસીટર ભલી ભાત,
વધી અહા ! ટેલરની શોપો, વધી ભીખારી સાધુ જમાત; ૩

ફમામને અભીમાન વધ્યો હા ! વધ્યા પુત્રીનુ ધન લેનાર:
મદન ભક્ત લે ભાગુ સેવક. વધ્યા અહા મંદીર મોઝાર:
વધ્યુ માન બેહદ સુંદરીનું, વધ્યા માતને દુઃખ દેનાર:
વધ્યાં હેર ઓઇલને અત્તર, કાચ તણાં વાસણો અપાર. ૪

× × × ×

વધ્યાં ખખડતાં હાંલ્યાં ઘરમાં, વધ્યો ભપકો બાહેર ભારી:
વધ્યા ઇશ્કી વિસ્કીના શોખીન, ઠગ જુગારી વ્યભીચારી;
વધ્યાં બોર્ડ જાહેરખબરોનાં, પડદા નામ તણા ભારી:
સફેદ શાહુકારો હા વધીયા. સટ્ટાના હા વેપારી. ૫

× × × ×

સીગરેટ ચીરૂટને બીડી, વધી અહા હા અપરંપાર;
રોઝબેરી જીંજર પંકમીઅપ, વધ્યા ઠીસીઝ કેશીશ અપાર;
વધી અનિતી પશુઓ ઉપર, અને પક્ષિ ઉપર નીરધાર;
વધી નોકરી કેરી ઇચ્છા, વધ્યો અહા ! વેશ્યાપર પ્યાર. ૬

× × × ×

કોલર પીન નેકટાઇને ગેબીસ. પાટલુન સ્ટોકીંગ વધ્યાં અપાર;
સાબુ લવંડર અને તમાકું, વધી જમાનાની મોઝાર;
હિંસા, અધર્મ, નારી તકતાને, વધી અહા ? ફેશનની બ્હાર,
વધ્યા કલેશ કુસંપ અહાહા ? વધી આળસ નિંદ્યા આ ઠાર. ૭

વધ્યાં પોલકાં અને સાડીઓ, બંગડીયો હા કાચ તણી;
વધી પરનારની ચેષ્ટા કરવી, વધી તનુદર્શક સાડી ઘણી:
વધ્યો ફેશ પાવડર ને દર્પણ, વધી સ્લીપરો ગૃહે ઘણી:
કામના પંથે વધી કામિની અને, ફેશન શૃંગાર ભણી. ૮

× × × ×

વધી એરીંગો નેકલેસ ઘર ઘર, વધી ફેશનની ચાહનારી;
વધી વનિતા ચાલુ જમાને, પતિને હા ભૂપાનારી:
નીજ લીયરના સ્પીયર, ફેંકી ગાર્ડનમાં વિચરનારી;
વિધ વિધ બની સૌ વિશ્વે ફેશનમાં વિહરનારી. ૯

× × × ×

વૈદ્ય વધ્યાને ઉંટ વૈદ્ય હા, ખુરશી કબાટને વળી મેજ;
વધી મક્ષિકા ડીસ્પેન્સરીમાં. થયા ભાવ પંખાના તેજ:
વળી વિજળી કેરી બત્તિ, સૌદીપક કરતી નિસ્તેજ
કળી પ્રભાવે અનંગ વધીયો, ચહે સૌ પરનારીની સેજ. ૧૦

(સ્નેહ મંજરી)

પ્રેમ પ્રેમ ને પ્રેમ.

(ગઝલ.)

આ પ્રેમના સામ્રાજ્યમાં, હું પ્રેમ પંથી આવીયો;
કંઈ ખબર પ્રેમી જનોને, ગાટ અહીં હુ લાવીયો; ૧
આ પ્રેમ બાગે પ્રેમનાં પૂષ્પો ખીલ્યાંતાં ફૂલતાં,
ત્યાં પ્રેમ વૃક્ષની ડાળપર, શુક પ્રેમીને પોકારતો: ૨
પ્રેમે પઢે શબ્દો કૃપાળા, સાંભળ્યા કર્યું અમે;
આ પ્રેમ સૃષ્ટિમાં સદા, પ્રેમીજ બસ થાજો ત્હમે; ૩
એ પ્રેમના પાસે ત્હમારાં, હૃદય પ્રેમી થઇ જશે;
કદી પ્રેમના પ્રાબલ્યથી, આંસુ નયનથી વહી જશે; ૪
પણ સત્ય પ્રેમીનો સદા, પ્રેમી હૃદયમાં વાસ છે,
પ્રેમી જનોના પ્રેમમાં, બસ શિવનું કૈલાસ છે. ૫
બસ પ્રેમથી માળા અહો, હા ! પ્રેમના મંત્રો જપો:
આ પ્રેમના સામ્રાજ્યમાં પ્રેમી હૃદય અમર તપો; ૬

સખીને સંબોધન.

(સખી સ્વપ્ને મહિં મોહનમેં એ રાગ)

સખી આજે પતિ પરદેશ ગયા;
નજરે નિરખો દીલગીર થયા,
હતી હુ રડતી જઇ ખંડ બીજે;
મ્હેની કંથ વિયોગથી કોણ રીઝે. ૧
અમ પ્રેમ હતો મીન વારી સમો;
રમતાં જમતાં હરનીશ અમો,
તહીં ક્યાંથી વિયોગ થયો અમને;
નહિ પ્રિય સખી પતિ વીણ ગમે. ૨
વદતાં મધુરાં વચનો મુખથી,
નથી ક્રોધ કીધો કદીયે દુ:ખથી;
જમતા મુજ સંગ સદાય સખી,
અહ આજ સુનુ પતિ ઘેર નથી. ૩
લઇ બાળક સંગ સદાય જમે;
મીઠી વાત સખી મુજ દીલ ગમે,
મુખ ચંદ્ર સદા હસતોજ સ્મિતે;
શિખદે મુજને પ્રિય શુદ્ધ ચિતે. ૪

કરતી બહુ લાડ રહીને સમીપે,
મમ મુખ નીહાળી રહે ઘડી બે.
કરી પ્રેમ પ્યાર ઘણો જણુવે;
ખુશ ખુશ થતી પતિને રિઝવે, ૫
ગઇ તેહ ઘડી ગયુ તે સઘણુ:
ધરો ખેદ દીલે દીનરેનરડું,
દિલ ચાહુ સખિ પતિ સઘ મળો;
મમ નાથ સદાય મુબારક હો. ૬

હાસ્ય—હાસ્ય—હાસ્ય.

ઉંહુ-ઉંહુ--ઉંહુ રડવુ છોડી,
સદા કરો સો હાહ—હાહ—હાહ:
હરતાં ફરતાં આનંદેથી,
કરો નિરંતર હાહ—હાહા—હાહ;
ખાતાં, પિતાં, સૂતાં, બેસતાં,
હર્ષ ધરી કરો હાહ—હાહ—હાહ:
બળે ચિત્ત કદી, થાય મર્ણ પણુ,
રોજ કરો સો હાહ—હાહ—હાક;
એજ વૈદ્ય છે, એજ ગુરૂ છે,
એજ રસિલુ હાહા--હાહ--હાહ;
ભલે કરે બીજાએ એં-એં-એં
આપણું કરશું હાહ—હાહ—હાહ;

કહ્યું માનો પતિ મારા.

—

(ગઝલ)

અરે પ્યારા, અરે પ્યારા, તમે મમ નયનના તારા;
કરે વિનતી આ દીનદા, કહ્યું માનો પતિ મ્હારા, ૧
બન્યા લંપટ તજી દારા, વ્યભીચારે પિયુ મ્હારા;
પર સ્ત્રી માંહિ મોહનારા, કહ્યુ માનો પતિ મારા; ૨
તજી નિતિ તમે ચાલો, કુછંદે અન્યથી મ્હાલો;
અરિરૂપ નિજ પ્રિયા ભાળો, કહ્યું માનો પતિ મારા. ૩
તજી નીજ ઘર તણા મેવા, વિષય વિષની કરો સેવા:
નિસાસા નારના લેવા, કહ્યું માનો પતિ મારા. ૪
તજી ઇજ્જત લઇ અપયશ, પર સ્ત્રીમાં બની રસ બસ;
ગુમાવ્યું દ્રવ્ય રૂપ રસ કસ, કહ્યું માનો પતિ મારા. ૫
લોકની લાજ નહી ધારી, શરમ પર ફેરવ્યું વારી;
કલંકિત કયાં બન્યા ભારી, કહ્યુ માનો પતિ મારા. ૬
ધરી પરનારમાં યારી, કરો તનધન તણી ખ્વારી;
બનીને હા ! વ્યભીચારી, કહ્યુ માનો પતિ મારા. ૭
સુત પિતુ માત ને નારી, દીધો સૌને હા ! ધિક્કારી;
(શું) કરો પરનારીની યારી, કહ્યું માનો પતિ મારા. ૮

કરજ કરી ધન ઉડાવો છો, અને લંપટ કહાવો છો,
અમોને કાં રિબાવો છો, કહ્યુ માનો પતિ મારા. ૯

નહી નહી સ્વામિ મહોબત એ, ન મહોબત પણ મુશીબતએ
પિયુષ નહી પણ હળાહળ એ, કહ્યુ માનો પતિ મારા. ૧૦

અરે મમ હસ્ત ઝાલીને, દીયો દુઃખડાં કયાં ભાળીને;
અરે અંતરને બાળીને, કહ્યું માનો પતિ મારા. ૧૧

તમોને પરણીને સ્વામી, કદાપી સુખ ના પામી;
હૃદયમાં વેદના જામી, કહ્યું માનો પતિ મારા. ૧૨

તમે શિરતાજ હો મારા, ભરો કાં પાપના ભારા;
તજો ના દીન આ દારા, કહ્યું માનો પતિ મારા. ૧૩

* * * *

જીવી જગે સાર્થક કરો, પરનારીમાં મન ના ધરો;
પરનારીમાં ચિત જો ધરો, વિણુ મોતે હાજતમાં મરો; ૧

મનુષ્ય દેહ મણી મળ્યો, જીવન કલંકીત કાં કરો;
નર દેહ એળે ખોઇને, મમ ત્રાગું શીદને મરો; ૨

(સ્નેહ મંજરી.

સમાપ્ત.

શેઠજીની—શેઠાઈ.

રાંડી રાંડનો તનુજ કહે થઈ રાજી રાજી
માજી હું ગયો નજીક શેઠજીની મેડીના

હરખની વાત માત શી કહું જે આજ તણી
છોકરા છ સાત સાથે હતા મારી હેડીના

એવે સમે નગરના શેઠજી હવેલીમાંથી
આવીને ઉભા નજીક બારીની કઠેડીના

પછી મને આપોઆપ શેઠજીએ બોલાવીયો
કહ્યું જા, જઈને કૂતરાં હાંકયરે ગપેડીના.

(દલપત-કાવ્યમાંથી.)

શ્રી આદર્શ પ્રી. પ્રેસમાં શાહ વાડીલાલ ડાહ્યાભાઈ પંડિતે છાપ્યું પાંચકુવા નવાદરવાજા—અમદાવાદ.